# પરિણિતાની ભરણપોષણની અરજી કોર્ટે નામંજૂર કરવાનો આદેશ કર્યો

## દસ વર્ષનું હર્યુ-ભર્યુ લગ્નજીવન છોડી ચાલ્યા જવા ઉપરાંત પુત્રની પિતા તરફની લાગણીનુ પણ કોર્ટે અવલોકન કર્યુ

ગાંધીનગર, તા. ૧૬

પત્નીની ભરણપોષણની અરજી ગાંધીનગર કોર્ટે નામંજૂર કરવાનો હૂકમ કર્યો છે. પત્નીને શારિરીક માનસિક ત્રાસ આપવામાં આવે તો લગ્નજીવન આટલા લાંબા સમય સુધી ટકી શકે જ નહી. અરજદારે અગાઉ પણ આ અંગે કોઈ ફરિયાદ કરી નથી તેમ પણ કોર્ટે અવલોકન કર્યું છે.

કેસના અરજદાર જયશ્રીબેનના લગ્ન હર્ષદભાઈ શ્રીમાળી સાથે થયા હતા. લગ્નજીવન દરમ્યાન તેઓને ત્યાં એક પુત્રનો જન્મ થયો હતો જ્યારે લગ્નના દસ વર્ષ બાદ પરિણિતા કોઈને જાણ કર્યા વિના તેના પિતા ઘરે જતી રહી હતી. બીજી તરફ પરિણિતાએ શારિરીક-માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાની રજૂઆત સાથે ભરણપોષણ મેળવવા કોર્ટમાં અરજી કરી હતી. આ કેસ ગાંધીનગરની ફેમિલી કોર્ટમાં ચાલી જતા અરજદારની સામે તરફના વકીલ તરીકે મૃગાંક ડી. પટેલ તેમજ મેઘના દવેએ દલીલો કરી હતી. આ દરમિયાન કોર્ટે એવું પણ અવલોકન કર્યું હતું કે દસ વર્ષના લગ્નજીવન દરમિયાન અરજદારે માનસિક ત્રાસ અંગેની કોઈ ફરિયાદ અગાઉ કરી નથી. જ્યારે તેણીના પુત્રએ પણ કોર્ટ સમક્ષ પિતાની પાસે જવાની મરજી દર્શાવી હતી. હર્યુ ભર્યુ લગ્નજીવન તેમજ પતિ અને પુત્રને છોડીને જવાની બાબત તેમજ અરજદારના પુત્રની પણ પિતા તરફની લાગણીનું કોર્ટે અવલોકન કર્યુ હતુ. જેના અંતે જજ ડી.ટી. સોનીએ અરજદારની ભરણપોષણની અરજી નામંજૂર કરવાનો હૂકમ કર્યો છે.




### ભોળાભાઈ કોલેજમાં આર્ટ અને ક્રાફ્ટ વર્કશોપ યોજાયો

કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા સંચાલિત ભોલાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યૂટર સ્ટડીઝ, સેક્ટર-૨૩, ગાંધીનગર દ્વારા આયોજિત કરેલ અક્ષ-૨૦૧૫ના પ્રથમ દિવસે આર્ટ અને ક્રાફ્ટ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળા અને કોલેજના વિવિધ ક્ષેત્રમાં અભ્યાસ કરતાં ૧૦૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આકાર એકેડમી સાથે સંકળાયેલા ભાવેશ ઝાલાના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર વર્કશોપમાં વિદ્યાર્થીઓએ અલગ અલગ કલાકૃતિનું નિર્માણ કર્યુ હતુ. આ વર્કશોપ બાદ કોલેજના વિદ્યાર્થીઓએ વિવિધ રમુજી રમતમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમના બીજા દિવસે કુલ ૧૫૨૨ વિદ્યાર્થીઓએ ભાગ લેશે જેમાં ૯૨૭ કોલેજના અને ૫૯૫ શાળાના વિદ્યાર્થી ભાગ લેશે.



## ઠંડીના ચમકારા સાથે ચિલોડા પંથકમાં રવી સિઝન ઘઉંના પાકથી લીલાછમ ખેતરો લહેરાયા

ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારમાં ચાલુ સાલે રવી સિઝનમાં બટાકા અને ઘઉંનુ સારા પ્રમાણમાં વાવેતર થયું છે. રવીસિઝન ડિસેમ્બરથી ઠંડીની મોસમ ખીલી ઉઠતાં ખેતરોમાં રવીપાક ઘઉંની રોનકમાં બદલાવ આવતાં ખેતરો લીલાછમ લહેરાઈ રહ્યા છે. ઘઉના પાકમાં શીત લહેરો લહેરાતાં પાકને અનુકુળતા વધતાં લીલાછમ ખેતરોથી ખેડૂતોમાં ખુશીની લહેર પ્રસરી રહી છે. ઘઉંના પાકમાં ઠંડી વધુ પડતા પેદા થયેલા સંજોગોથી રાસાયણિક ખાતર યુરિયાની નહીવત ઉપલબ્ધી છતાં પાકને વધુ ફાયદારૂપ નીવડશે તેવો મત ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## ગાંધીનગરમાં દેવી સૂતક ગાન-ભાવાર્થ સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરની સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખના સહયોગથી જ્યોતિ મહિલા મંડળ અને વિવેક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મહા નવરાત્રીના ઉપક્રમે દેવીસૂતકનુ ગાન અને તેની પંક્તિના ભાવાર્થ અંગેની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા તા. ૨૭મી જાન્યુઆરીએ મહાસુદ આઠમે બપોરે ૨.૩૦ વાગ્યાથી સે. ૧૬માં બ્રહ્મભવન ખાતે યોજાશે.

આ સ્પર્ધામાં ભાગ લેવા માટે દરેક સ્પર્ધકે તા. ૨૪મી જાન્યુઆરી સુધીમાં નામ નોંધાવવાના રહેશે. આ સ્પર્ધા માટે વધુ માહિતી મેળવવા સ્પર્ધકે રક્ષિતા ઉપાધ્યાય (૯૯૨૪૨૭૪૯૯૮), ચેતના બુચ (૨૩૨-૬૦૩૭૦), પ્રતિભાબેન દવે (૨૩૨૪૯૬૩૯), અંજના ગોર (૨૩૨૪૨૪૩૩) અથવા મીનળબેન ઓઝા (૨૩૨૪૬૮૦૨) નો સંપર્ક સાધવા જણાવાયુ છે.

# દેવભૂમી દ્વારકા ખાતે વિકાસ કામોના ખાત મુહર્ત લોકાર્પણ માટે મંત્રીઓ રવાના

ગાંધીનગર, તા.૧૬

દેવભૂમી દ્વારકા ખાતે પ્રજાસત્તાક દિન નિમિત્તે રાજયકક્ષાનો સમારોહ યોજાનારો હોઈ આવતીકાલથી મંત્રીઓ વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહર્ત કાર્યક્રમો માટે દેવભૂમી દ્વારકાના પ્રવાસે જશે.

સચિવાલય સાથે સંકળાયેલા સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજય સરકારે પ્રજાસત્તાક પર્વ અને સ્વાતંત્ર્ય પર્વ દર વર્ષે રાજયના જુદા જુદા તાલુકાઓમાં ઉજવવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય અંતર્ગત આ વર્ષે પ્રજાસત્તાક પર્વ ૨૬મી જાન્યુઆરીના રોજ રાજયકક્ષાનો કાર્યક્રમ આ વર્ષે દેવભૂમી દ્વારકા ખાતે યોજવામાં આવનાર છે. જે જિલ્લામાં આવા કાર્યક્રમો યોજવાના થાય તે પૂર્વે આ જિલ્લાઓમાં વિકાસકામોના લોકાર્પણ અને ખાતમુહર્તના કાર્યક્રમો પણ યોજવામાં આવે છે.

દેવભૂમી દ્વારકા ખાતે રાજય સરકારના જુદા જુદા વિભાગો દ્વારા અમલમાં મુકવામાં આવેલ યોજનાઓ અને મંજૂર કરવામાં આવેલા વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહર્તના કાર્યક્રમ યોજાનાર છે. આ માટે રાજય મંત્રીમંડળના તમામ મંત્રીઓને જવાબદારીઓ સોંપવામાં આવનાર હોઈ આવતીકાલથી તબક્કાવાર મંત્રીઓ દેવભૂમિ દ્વારકાના પ્રવાસે જશે.

## રવિવારે સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખનું સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરની સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા તા. ૧૮મી જાન્યુઆરી રવિવારે બપોરે ૨ વાગે પરંપરાગત સ્નેહમિલન કાર્યક્રમ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સે. ૧૬માં આવેલ બ્રહ્મભવન ખાતે યોજાશે. જેમાં બાળગીતો, લોકગીતો, ભજન, જુના ફિલ્મીગીતો તથા મૌલિક અભિવ્યક્તિઓ વગેરે રજૂ કરી શકાશે. આ કાર્યક્રમમાં નગરના બ્રહ્મભાઈઓ તથા બહેનોને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

# ગુજરાતકક્ષા માટે ધ્વજવંદન સમારોહ ખંભાળીયામાં થશે

પ્રજાસત્તાક પર્વે રાજયકક્ષાનો ધ્વજવંદન સમારોહ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાતિયા ખાતે યોજાશે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત રાજયપાલ ઓ.પી.કોહલી તા. ૨૬મી જાન્યુઆરી સવારે ૯-૦૦ કલાકે રાષ્ટ્રધ્વજ લહેરાવીને સલામી આપશે. રાજયના અન્ય જિલ્લાઓમાં જિલ્લાકક્ષાના ધ્વજવંદન કાર્યક્રમો તાલુકા કક્ષાએ યોજાશે. વિધાનસભાના અધ્યક્ષ, રાજય મંત્રીમંડળના સભ્યો, સંસદીય સચિવ કલેકટર અલગ અલગ જિલ્લાઓમાં એજ સમયે સવારે ૯-૦૦ કલાકે ધ્વજવંદન કરાવશે. ક્યા જિલ્લામાં ક્યા તાલુકા મથકે કોણ ધ્વજવંદન કરાવશે તેની વિગતો આ મુજબ છે.

| ક્રમ | મહાનુભાવોનું નામ | મુખ્ય મથક |
|---|---|---|
| ૧ | ગણપતભાઈ વસાવા | ફતેપુરા, દાહોદ જિલ્લો |
| ૨ | નિતીનભાઈ પટેલ | માંડવી, સુરત જિલ્લો |
| ૩ | રમણભાઈ વોરા | પાટડી સુરેન્દ્રનગર જિલ્લો |
| ૪ | ભુપેન્દ્રસિંહ ચુડાસમા | ડેસર, વડોદરા જિલ્લો |
| ૫ | મંગુભાઈ પટેલ | સોનગઢ, તાપી જિલ્લો |
| ૬ | સૌરભભાઈ પટેલ | ધોરાજી, રાજકોટ જિલ્લો |
| ૭ | બાબુભાઈ બોખીરીયા | ધ્રોલ, જામનગર જિલ્લો |
| ૮ | વિજયકુમાણ રૂપાણી | જાંબુધોડા, પંચમહાલ જિલ્લો |
| ૯ | શંકરભાઈ ચૌધરી | જેસર, ભાવનગર જિલ્લો |
| ૧૦ | વસુબેન ત્રિવેદી | રાણપુરા, બાટાદ જિલ્લો |
| ૧૧ | પ્રદીપસિંહ જાડેજા | ગાંધીનગર, ગાંધીનગર જિલ્લો |
| ૧૨ | જયંતીભાઈ કવાડિયા | રાપર, કચ્છ જિલ્લો |
| ૧૩ | નાનુભાઈ વાનાણી | પારડી, વલસાડ જિલ્લો |
| ૧૪ | દિલીપકુમાર ઠાકોર | આંણદ, આંણદ જિલ્લો |
| ૧૫ | પરષોતભાઈ સોલંકી | લાઠી, અમરેલી જિલ્લો |
| ૧૬ | જશાભાઈ બારડ | વંથલી, જુનાગઢ જિલ્લો |
| ૧૭ | છત્રસિંહ મોરી | ખાનપુર, મહીસાગર જિલ્લો |
| ૧૮ | જયદ્રથસિંહજી પરમાર | નડિયાદ, ખેડા જિલ્લો |
| ૧૯ | રજનીકાન્ત પટેલ | હારીજ, પાટણ જિલ્લો |
| ૨૦ | ગોવિંદાભાઈ પટેલ | પોશીના, સાંબરકાંઠા જિલ્લો |
| ૨૧ | તારાચંદ છેડા | વડનગર, મહેસાણા જિલ્લો |
| ૨૨ | જયેશકુમાર રાદડીયા | હળવદ, મોરબી જિલ્લો |
| ૨૩ | બચુભાઈ ખાયડ | જલાલપોર, નવસારી જિલ્લો |
| ૨૪ | કાન્તીભાઈ ગામીત | આહવા, ડાંગ જિલ્લો |
| ૨૫ | વાસણભાઈ આહિર | સંખેડ, છોટાઉદેપુર જિલ્લો |
| ૨૬ | રણછોડભાઈ દેસાઈ | ભાભર, બનાંસકાઠા જિલ્લો |
| ૨૭ | ભરતસિંહજી ડાભી | ઝગડીયા, ભરૂચ જિલ્લો |
| ૨૮ | શામજીભાઈ ચૌહાણ | સૂત્રાપાડા, ગીર-સોમનાથ જિલ્લો |
| ૨૯ | જેઠાભાઈ સોલંકી | ભીલોડા, અરવલ્લી જિલ્લો |

# મહેસાણામાં યુવા રાજપૂત સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો

મહેસાણા, તા. ૧૬

મહેસાણા જિલ્લા મહિલા રાજપૂત મંડળ અને મહેસાણા જિલ્લા યુવા રાજપૂત સમાજનો સ્નેહ મિલન સમારોહ જે.કે. પાર્ટી પ્લોટ, મહેસાણા ખાતે યોજાયો હતો. સમાજના અગ્રણી સી.જે. ચાવડાએ અધ્યક્ષીય પ્રવચન આપતા જણાવ્યું હતું કે, મા ભોમની રક્ષા કાજે શૌર્ય, ખમીર અને ખુમારી બતાવવામાં રાજપૂત સમાજે ક્યારેય પાછી પાની કરી નથી. તેનું ઉદાહરણ આપતા તેમણે જણાવ્યું કે, આજે પણ રક્ષા ક્ષેત્રે રાજપૂત સમાજના પરચમ લહેરાય છે. જે રાજપૂત સમાજની ખુમારીના ધોતક છે.

ચાવડાએ સાંપ્રત સમય જે રીતે કરવટ બદલી રહ્યો છે તે મુજબ જો રાજપૂત સમાજ પોતાને નહીં ઢાળે તો જે વિકાસની ખેવના આપણે સૌ કરી રહ્યા છીએ તે હાંસલ કરવામાં આપણે ઉણાં ઉતરીશું આથી આજે એકત્ર થયેલ સમાજને હું હાંકલ કરું છું કે પરિવર્તનની દિશા અને પવન મુજબ આપણાં સઢને તે દિશામાં ફેરવી પરિવર્તન તરફ અગ્રેસર થઈએ તેમ તેમણે ઉમેર્યુ હતુ.

સમાજના અગ્રણી અને સરકારી વકીલ ચંદનસિહ રાજપૂતે આ પ્રસંગે જાહેરાત કરતાં જણાવ્યું હતુ કે, મહેસાણા શહેરના સ્થાપક રાજવી મેસાજી પુજાજી ચાવડાએ શહેરના ઉત્થાન માટે કરેલ યશસ્વી પ્રદાનને સ્મરતાં રાજપૂતસમાજ આગામી સ્થાપના દિવસની ઉજવણી તેમની યાદમાં કરશે.

આ અવસરે શ્રીમતી ભાવનાબા દેવડા, ઉર્મિલાબેન દેવડા, જયરાજસિંહ પરમાર, રમજુભા જાડેજા, ડૉ. જયેન્દ્રસિંહ જાડેજા, કરણસિંહ ચાવડા, હિંમતસિંહ દેવડાએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. સમાજ ઘડતરમાં તથા સમાજ માટે યોગદાન આપનાર રાજપૂત સમાજની રાજપૂતાણીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

રાજપૂત સમાજના આ સંમેલનમાં રાજપૂત સમાજના અગ્રણીઓ નારસિંહજી ડાભી, દિલીપસિંહ ભુરૂભા જાડેજા, વિજયસિંહ ચાવડા, જગતસિંહ બારડ, ચમનજી રાજપૂત, લક્ષ્મણસિંહ રાજપૂત, નટવરસિંહ પરમાર, અરવિંદસિંહ ગોહેલ, ડી.પી. રાજપૂત, જીતેન્દ્રસિંહ ડાભી, વનરાજસિંહ ડી. ઝાલા, મયુરસિંહ પરમાર તથા ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સમાજ માટેની પોતાની પ્રતિબદ્ધતાના દર્શન કરાવ્યા હતા.



સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિ નિમિત્તે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસ ખાતે નહેરૂ યુવા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા સ્વામી વિવેકાનંદની પ્રતિમાને પુષ્પાંજલિ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે યુવા દિશા કેન્દ્રના સંજીવ મહેતાએ સ્વામીજીના જીવનના યાદગાર પ્રસંગોને યાદ કરી યુવાઓને દેશના મજબૂત નિર્માણમાં સહભાગી થવા હાંકલ કરી હતી. ઈન્ડિયન મેડીકલ એશો. ગાંધીનગરના ડૉ. અનિલ ચૌહાણ, ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આર.એમ.ઓ. દક્ષાબેન પુજારા, નહેરૂ યુવા કેન્દ્ર ગાંધીનગરના રજનીકાંત સુથાર હાજર રહ્યા હતા. (કશ્યપ નિમાવત)

## શબ્દાવલી - ૫૬૧૮



### આડી ચાવી

૧. વિશ્વાસ, ભરોસો (૪)
૪. મૈં... તું ખિલાડી (ગીત)(૩)
૬. હળી મળી જાય તેવા સ્વભાવવાળું (૫)
૭. કુટેવ (૨)
૧૦. પુષ્પ (૨)
૧૧. એક મુળિયા જેવું અથાણું થાય (૪)
૧૩. તોફાન, તકરાર (૩)
૧૪. સાંજ, યે.... મસ્તાની...(૨)
૧૫. રામ થઇ ગયા તે યુગ (૨)
૧૬. એ રાગનું કાવ્ય (૩)
૧૭. ઊંધી (૩)
૧૯. ચેતન ના હોય તેવું (૨)
૨૦. બહાર ગામ કે પરદેશથી મંગાવેલું (૩)

### ઊભી ચાવી

૧. અંગ્રેજી ચોથો મહિનો જેમાં... બનાવાય (૫)
૨. વિક્સ (૨)
૩. કમાવું (૩)
૪. ભગવાન અવતરે તે અથવા... લે તે (૪)
૫. લેંઘા કે ચણિયાને બાંધવા વપરાતી દોરી (૨)
૮. આ તેલીબીયાંનું કચરીયું ખવાય (૨)
૯. ઉનુ, ઉષ્ણ (૩)
૧૧. ગલીપચી (૫)
૧૨. લાકડી પર ચીંથરા વીંટી સળગાવવો એક પ્રકારનો કાકડો (૩)
૧૫. ખપાળી (૩)
૧૭. તાકાત, શક્તિ (૩)
૧૮. મમત્વ (૨)

### શબ્દાવલી ૫૬૧૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) ગણવેશ (૪) વસુલ (૬) ફણગો (૮) નંબર (૧૦) કીનખાબ (૧૨) દર (૧૩) બલી (૧૪) કલમ (૧૮) કોતરણી (૧૯) ચાકરી (૨૧) વધ (૨૨) રવિ (૨૩) કરજ (૨૪) તાજ

**ઊભી ચાવી :-** (૧) ગજાનંદ (૨) વેફર (૩) શણ (૫) સુરખાબ (૭) ગોકીરો (૯) બરકત (૧૧) બલીહારી (૧૫) લરવક (૧૬) મણીધર (૧૭) આચાર (૧૮) કોલમ (૨૦) કવિતા

## પુનઃ ભાવ ઘટાડો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

બનાવવામાં આવ્યા છે. દેશની સૌથી મોટી ફયુઅલ રિટેલર કંપની ઈન્ડિયન ઓઈલ દ્વારા આ મુજબની જાહેરાત કરાઈ છે. દિલ્હીમાં પેટ્રોલની કિંમત ઘટીને લીટરદીઠ ૫૮.૯૧ રૂપિયા થશે જે ૪૪ મહિનામાં સૌથી ઓછી સપાટી છે. અગાઉ ૬૧.૩૩ રૂપિયાનો ભાવ હતો. આવી જ રીતે ડિઝલમાં દિલ્હીમાં લીટરદીઠ ભાવ હવે ઘટીને ૪૮.૨૬ થશે. જે એપ્રિલ ૨૦૧૩ બાદથી સૌથી ઓછો ભાવ છે. એકસાઈઝ ડ્યુટીમાં નવેમ્બર બાદથી ચોથી વખત વધારો કરવામાં આવ્યો છે.

નાણામંત્રાલયનું કહેવું છે કે, સ્થિતિમાં ઉલ્લેખનીય સુધારો થઈ રહ્યો છે. સરકાર જીડીપીના ૪.૧ ટકા સુધી ફિસ્કલ ડેફિસિટનો ટાર્ગેટ ધરાવે છે. છેલ્લે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ૧૬મી ડિસેમ્બરના દિવસે બંનેમાં બે રૂપિયા સુધીનો ઘટાડો કરાયો હતો.

ઓગસ્ટ બાદથી આજના ઘટાડા સાથે પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ ૧૪.૬૯ રૂપિયાનો ઘટાડો થઈ ચુક્યો છે જયારે ડિઝલની કિંમતમાં પાંચમી વખત ઘટાડા સાથે કુલ ૧૦.૭૧ રૂપિયા સુધીનો ઘટાડો થઈ ચુક્યો છે. સરકારે આજે પેટ્રોલ અને ડિઝલ ઉપર એક્સાઈઝ ડ્યુટીમાં બે રૂપિયાનો વધારો કરી દીધો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓક્ટોબર મહિનામાં ડિઝલની કિંમતને અંકુશમુક્ત બનાવી દીધી હતી. વૈશ્વિક તેલ કિંમતોમાં ઉલ્લેખનીય રીતે ઘટાડો થઈ રહ્યો છે જેની સીધી અસર થઈ રહી છે.

## બોરીજના બાળકો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

બોરીજની શાળાના બાળકોને અમદાવાદની ઉમા એનીમેશન એજયુકેશન સંસ્થાના સત્યમભાઈ તાલિમ આપી રહ્યા છે. નિયમિત રીતે બે થી ત્રણ કલાક તેઓ બાળકોને તાલિમ આપે છે.

એનીમેશન ફિલ્મ બનાવવાની વાતે પોતાના બાળ સ્વભાવમાં રજુ કરતાં વિદ્યાર્થીઓએ કહ્યું હતુ કે અમે પહેલાં માટીમાંથી એનીમેશન માટેના સાધનો બનાવી અને કેમેરા ઓન કરી સ્ટુડિયો ખોલી તેમાં નિર્માણ કરી અને કોમ્પ્યુટર પર દર્શાવીએ છીએ.

વિજ્ઞાન-ગણિત વિષયોનું શિક્ષણ મેળવવામાં અમને આનાથી બહુ મજા પડે છે.

શાળાના આચાર્યા કાશ્મીરાબેન વ્યાસે કહ્યું હતુ કે બાળકોની માવજત તેમની રૂચિ પ્રમાણે કરવામાં અમને સૌ શિક્ષકોને વધુ મજા આવે છે. તેમણે કહ્યું હતુ કે અમે વિજ્ઞાન રૂમને પણ એવો જ મજાનો બનાવ્યો છે. અમારા બાળકો એ અમારું ગૌરવ છે.

જે ૮ બાળકોની આ બાળ ફિલ્મ ફેસ્ટીવલ માટે પસંદગી થઈ છે તેમાં રાહુલ યાદવ, દેવુસિંહ ઝાલા, પુનીતગીરી ગોંસાઈ, હીના વણકર, પૂજા સોલંકી, કોમલ ગોહિલ, હિરલ પંચાલ અને વિશાલ ઠાકોરનો સમાવેશ થાય છે.

ગુજરાતી માધ્યમમાં ભણતા આ બાળકોનો ઉત્સાહ આજે જયારે તેમને આ વાતની ખબર પડી ત્યારે ઉત્સાહથી નાચી ઉઠયા હતા. તેમણે આ સફળતા માટે સત્યમભાઈ, આચાર્યા કાશ્મીરાબેન વ્યાસ, ગોર ટીચર સહીત તમામ શિક્ષકોની મહેનત રંગ લાવી હોવાનું જણાવ્યું હતું.

આ બાળકોએ લ.સા.અ., ગુ.સા.અ., પવનચક્કી, વિદ્યુત બલ્બમાં પ્રકાશિત થવાની પ્રકાશની પ્રક્રિયા, દરિયા કિનારો બોટ, ઉડતી કાર સહિત પ્લે એનીમેશનની ૧૫થી વધુ ફિલ્મો બનાવી છે.

આ બાળકોને મદદરૂપ થવા ગામની ત્રણ દિકરીઓને ખાસ તાલિમ પણ ઉમા સંસ્થાને આપી હોવાનું શાળાના આચાર્યા કાશ્મીરાબેન વ્યાસે જણાવ્યું હતું.

## જાહેર હરાજી

આથી રસ ધરાવતા અને લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, ટીંટોડા પ્રાથમિક શાળાના મકાનનું ડીમોલેશન જાહેર હરાજીથી કરવાનું હોઈ તા. ૨૦/૧/૨૦૧૫ના સવારે ૯-૦૦ કલાકે હાજર રહેવું. બોલીઓ અને શરતો સ્થળ પર જણાવવામાં આવશે.

| | |
|---|---|
| સ્થળ : ટીંટોડા પ્રા. શાળા, તા. જી. ગાંધીનગર | સહી/- |
| સભ્ય સચિવશ્રી | જ્યોત્સનાબેન ગોસ્વામી |
| ટીંટોડા પ્રા. શાળા | અધ્યક્ષશ્રી |
| | SMC ટીંટોડા પ્રા. શાળા |
| | તા.જી. ગાંધીનગર |



શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · TATA STEEL • PIPES • SHEETS · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ